અપીલ અરજી નં.૯૬ તા.૧૫–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી દિલીપસિંહ જી. ઝાલા

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિલીપસિંહ જી. ઝાલાની તા.૧૦–૫–૧૦ ની અરજીથી ડે.કમિશ્નર(પઅનેઈ) ના જીએડી/ઈએસટી/૪૬૯ તા.૧૧–૫–૦૬ ના રોજ બહાર પાડવામાં આવેલ પરિપત્રમાં જણાવ્યા મુજબ સા.સ.ઠ.નં.૧૩૩તા.૨૬–૭–૮૪, સા.સ.ઠ. નં.૬૫ તા.૬–૫–૯૩ થી ચોથા વર્ગની સેવામાં કામ કરતાં કર્મચારીઓની કારકુનની જગ્યાએ પસંદગીથી નિમણુંક આપવા વિનિયમો મંજુર કર્યા છે. ઉકત વિનિયમોમાં જરૂરી સુધારાને આધીન કોઈ પણ વિદ્યા શાખાના સ્નાતકની લાયકાત ધરાવતા હોય તેવા સુમપાના ચોથા વર્ગના કર્મચારીઓ પાસેથી ત્રીજી શ્રેણી કલાર્કની જગ્યા પુરવા માટે અરજીઓ મંગાવવામાં આવેલ હતી જેમાં પરિપત્રમાં જણાવ્યા મુજબની કોઈ પણ વિદ્યા શાખાના સ્નાતકની લાયકાત સુમપાની કઈ સક્ષમ સત્તાએ સુધારેલ છે તેના ઠરાવના નંબર અને તારીખની માહિતી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૫–૬–૧૦ ની **SMC/FAP/** નં.૯૬/૨૦૧૦–૧૧

શ્રી દિલીપસિંહ જી. ઝાલાની તા.૧૦–૫–૧૦ ની અરજીથી ડે.કમિશ્નર(પઅનેઈ) ના જીએડી/ઈએસટી/૪૬૯ તા.૧૧–૫–૦૬ ના રોજ બહાર પાડવામાં આવેલ પરિપત્રમાં જણાવ્યા મુજબ સા.સ.ઠ.નં.૧૩૩તા.૨૬–૭–૮૪, સા.સ.ઠ. નં.૬૫ તા.૬–૫–૯૩ થી ચોથા વર્ગની સેવામાં કામ કરતાં કર્મચારીઓની કારકુનની જગ્યાએ પસંદગીથી નિમણુંક આપવા વિનિયમો મંજુર કર્યા છે. ઉકત વિનિયમોમાં જરૂરી સુધારાને આધીન કોઈ પણ વિદ્યા શાખાના સ્નાતકની લાયકાત ધરાવતા હોય તેવા સુમપાના ચોથા વર્ગના કર્મચારીઓ પાસેથી ત્રીજી શ્રેણી કલાર્કની જગ્યા પુરવા માટે અરજીઓ મંગાવવામાં આવેલ હતી જેમાં પરિપત્રમાં જણાવ્યા મુજબની કોઈ પણ વિદ્યા શાખાના સ્નાતકની લાયકાત સુમપાની કઈ સક્ષમ સત્તાએ સુધારેલ છે તેના ઠરાવના નંબર અને તારીખની માહિતી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે તબદીલ થયા સિવાયની મુદ્દા નં.૧,૪ અને ૫ ની માહિતી ન મળવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ અંગેનો પત્ર,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૭૦ તા.૧૯–૬–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૯૫૦ તા.૨૧–૬–૧૦ થી તથા પત્ર નં.જીએડી/ઈએસટી/૯૭૩ તા.૨૩–૬–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૨૨૮ તા.૧૨–૫–૧૦ થીપર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, મુદ્દા નં.૨ અને ૩ માટે ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટને પત્ર નં.જીએડી/ઈએસટી/૬૬૨ તા.૨૧–૫–૧૦ થી તબદીલ કરેલ પત્રની નકલ, મુદ્દા નં.૫ આંશિક માહિતી માટેનં.જીએડી/ઈએસટી/૬૫૯ તા.૨૧–૫–૧૦ થી જાહેર માહિતી અધિકારી સેક્રેટરીને તબદીલ કર્યાના પત્રની નકલ, મુદ્દા નં.૫ આંશિક માહિતી માટેનં.જીએડી/ઈએસ ટી/૬૬૦ તા.૨૧–૫–૧૦ થી જાહેર માહિતી અધિકારી ઓડીટને તબદીલ કર્યાના પત્રની નકલ, અરજદારને માહિતી આપવા અંગે પત્ર .જીએડી/ઈએસટી/૭૫૯ તા.૨–૬–૧૦ ના પાઠવેલ પત્રની નકલ તથા તેની પોસ્ટ કર્યા અંગેની ટપાલબુકની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૦–૫–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૨૮ તા.૧૨–૫–૧૦ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) ના જીએડી/ઈએસટી/૪૬૯ તા.૧૧–૫–૦૬ ના રોજ બહાર પાડવામાં આવેલ પરિપત્રમાં જણાવ્યા મુજબ સા.સ.ઠ.નં.૧૩૩ તા.૨૬–૭–૮૪, સા.સ.ઠ. નં.૬૫ તા.૬–૫–૯૩ થી ચોથા વર્ગની સેવામાં કાર કરતાં કર્મચારીઓની કારકુનની જગ્યાએ પસંદગીથી નિમણુંક આપવા વિનિયમો મંજુર કર્યા છે. ઉકત વિનિયમોમાં જરૂરી સુધારાને આધીન કોઈ પણ વિદ્યા શાખાના સ્નાતકની લાયકાત ધરાવતા હોય તેવા સુમપાના ચોથા વર્ગના કર્મચારીઓ પાસેથી ત્રીજી શ્રેણી કલાર્કની જગ્યા પુરવા માટે અરજીઓ મંગાવવામાં આવેલ હતી જેમાં પરિપત્રમાં જણાવ્યા મુજબની કોઈ પણ વિદ્યા શાખાના સ્નાતકની લાયકાત સુમપાની કઈ સક્ષમ સત્તાએ સુધારેલ છે તેના ઠરાવના નંબર અને તારીખની માહિતી આપવા બાબત. મુદ્દા નં.(૨) ડે.કમિશ્નર(પહોઈ)શ્રીના નં.જીએડી/ઈએસટી/૪૬૯ તા.૧૧–૫–૦૬ ના રોજ બહાર પાડવામાં આવેલ પરિપત્રથી ચોથા વર્ગમાંથી બીજી શ્રેણી કલાર્કની જગ્યા માટે કેટલી અરજીઓ આવેલ હતી આવેલી અરજીઓમાંથી કેટલા કર્મચારીઓની લેખિત પરીક્ષા લેવામાં આવી. લેવામાં આવેલ પરીક્ષામાંથી કેટલા કર્મચારીઓ પાસ થયા અને પાસ થયેલ કર્મચારીઓમાંથી કેટલાને મૌખિક ઈન્ટરવ્યુમાં બોલાવવામાં આવ્યા હતાં તેની માહિતી. મુદ્દા નં.(૩) ડે.કમિશ્નર(સ્પે)શ્રીના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/ ૫૦૮ તા.૧૦–૧૧–૦૬ ના રોજ બહારપાડવામાં આવેલ પરિપત્રથી

સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતાં કેટલા કોઈ પણ વિદ્યા શાખાના સ્નાતક હોય તેવા કર્મચારીઓએ ત્રીજી શ્રેણી કલાર્કની જગ્યા પર પસંદગીથી નિમણુંક મેળવવા માટે અરજી કરી છે. અરજી કરેલ કર્મચારીઓની લેખિત પરીક્ષા કઈ તારીખે લેવામાં આવી છે લેખિત પરીક્ષામાં કેટલા કર્મચારીઓ પાસ થયા છે લેખિત પરીક્ષામાં પાસ થયેલ કર્મચારીઓને મૌખિક ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવ્યા છે કે કેમ? મૌખિક ઈન્ટરવ્યુમાં બોલાવવામાં આવ્યા ન હોય તો તેનું કારણ શું? તેની માહિતી. મુદ્દા નં.૪ સુરત મહાનગરપાલિકામાં રેગ્યુલર પગાર ધોરણમાં ફરજ બજાવતા હોય અને ત્રીજી શ્રેણી કલાર્કની જગ્યાઓ ઉપર પસંદગીથી નિમણુંક મેળવવા ઈચ્છતા હોય તેવા સુરત મહાનગરપાલિકાના કર્મચારી માટે ત્રીજી શ્રેણીની કલાર્કની કઈ લાયકાત હાલમાં અમલી છે. ધો–૧૦ પાસ કે કોઈ પણ વિદ્યા શાખાના સ્નાતકની કયા ઠરાવ અને તારીખથી તેની માહિતી. મુદ્દા નં. ૫ સુરત મહાનગરપાલિકામાં સને ૨૦૦૫ પછી નોકરીમાં દાખલ થયેલા કેટલા કર્મચારીઓએ વધુ અભ્યાસની પરવાનગી માંગી છે અને કેટલા કર્મચારીને પરવાનગી આપવામાં આવી છે કઈ શરતોને આધીન તેમજ કાયદાને લગતા વધુ અભ્યાસ માટે કે જેમાં વિદ્યાર્થીની ફરજીયાત હાજરી જરૂરી હોય છે. તેવા કર્મચારીઓને કયા નિયમને આધીન એલોકેશન વિભાગ સહિત પરવાનગી આપવામાં આવે છે તેની માહિતી . જે પૈકી મુદ્દા નં.૨ અને ૩ માટે ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૬૬૨ તા.૨૧–૫–૧૦ ના રોજ ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટને તબદીલ કરવામાં આવેલ. જે પૈકીના મુદ્દા નં.૫ પૈકી ની માહિતી માટે પત્ર નં.જીએડી/ઈએસટી/૬૫૯તા.૨૧–૫–૧૦ થી જાહેર માહિતી અધિકારી સેક્રેટરીને તબદીલ કરવામાં આવેલ. જે પૈકીના મુદ્દા નં.૫ પૈકીની માહિતી માટે નં.જીએડી/ઈએસટી/૬૬૦ તા.૨૧–૫–૧૦ થી જાહેર માહિતી અધિકારી ઓડીટને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે તા.૧૫–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરી માંગેલ મુદ્દા ૧ થી ૫ મુજબની વિગત સિવાયના મુદ્દા નં.૧,૪ અને ૫ ની માહિતી દિન–૩૦ ની મુદત વીતી ગઈ હોવા છતાં આજ દિન સુધી મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.૫ આંશિક અંગે આરટીઆઈ સેલ/૩૬૪ તા.૧૭–૬–૧૦ થી અપીલ અધિકારી ઓડીટ અને સેક્રેટરી વિભાગને અપીલ અર્થે તબદીલ કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૭૫૯ તા.૨–૬–૧૦ થી અરજદારને માંગેલી માહિતી પાના નંગ–૭ પ્રતિ પાના દીઠ રૂ. ૨/– લેખે દસ્તાવેજો માટે રૂ.૧૪/– જમા કરવાનું ફરમાવવામાં આવેલ સાથે વિભાગ અને કચેરીમાં રકમ જમા કરાવ્યા પછી જરૂરી માહિતી અને દસ્તાવેજની નકલ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું જણાવવામાં આવેલ. જે ફ્રેન્કીંગ કર્યા અંગે ટપાલબુકની પાના નં.૧૨ ની નકલ રજૂ કરેલ છે. ત્યાર બાદ પત્ર નં.જીએડી/ઈએસટી/૩૭૩ તા.૨૩–૬–૧૦ થી અરજદારને ટપાલ તા.૩–૬–૧૦ નો પત્ર મધ્યસ્થ કચેરીના લેટરબોક્ષ મારફત તેમની કચેરીને તા.૨૨–૬–૧૦ ના રોજ પરત મળેલ છે તેવી પૂર્તતા પૂરક વિગતોમાં કરેલ છે તથા તેમના પત્ર નં.જીએડી/ઈએસટી/૯૫૦ તા.૨૧–૬–૧૦ થી અરજીના મુદ્દાનં.૧ અને ૪ તથા મુદ્દા નં.૫ ની આંશિક માહિતી ખાતા ધ્વારા તૈયાર કરી તે માટે જરૂરી ફી ભરવા માટે ખાતાના તા.૨–૬–૧૦ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૭૫૯ થી અરજદારને જાણ કરવામાં આવેલ. અરજદારે મહાનગરપાલિકાના સેવક મંડળની ઓફિસનું સરનામું આપેલ હોવાથી તે સરનામે ટપાલબુક સાથે તા.૨–૬–૧૦ ના રોજ તેમજ તા.૩–૬–૧૦ ના રોજ સવારે ટપાલ મોકલવામાં આવેલ. પરંતુ અરજદાર ત્યાં નહીં મળતા તેમજ ઓફિસમાંથી પણ સંતોષકારક જવાબ નહીં મળતા અગાઉ અન્ય કિસ્સામાં અરજદાર હાજર હોવા છતાં ટપાલ જે સરનામે લખેલી છે તે સરનામે મોકલવા જણાવવા અંગેના અનુભવ થયેલ હોવાથી તે ધ્યાને લઈ ફ્રેન્કીંગ વિભાગ મારફત ટપાલ મોકલવામાં આવેલ છે પરંતુ અરજદાર આજ દિન સુધી ફી ભરીને માહિતી લઈ ગયા નથી. વધુમાં ખાતા ધ્વારા લાગત માહિતી માટે જરૂરી ફી ભરવાની જાણ કરતો પત્ર સમય મર્યાદામાં પાઠવવામાં આવેલ છે તેમ છતાં જરૂરી ફી ભરીને માહિતી મેળવવાને બદલે માહિતી નહીં મળ્યાની ફરીયાદ સાથે અપીલ કરેલ છે. તેવું જણાવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારીએ ત્રીજી શ્રેણી કલાર્કની લાયકાત બાબતેના ઠરાવ તથા કર્મચારીઓના વધુ અભ્યાસના ઠરાવની વિગતો તૈયારી સાથે રજૂ કરેલ છે. અરજદારની અપીલ અરજીમાં કરેલી રજૂઆત સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ પુરાવા જોતાં અરજદારને સમય મર્યાદામાં માહિતી મોકલવા પ્રયત્ન કરેલ જણાય છે. વધુમાં જાહેર માહિતી અધિકારીએ અરજદાર ધ્વારા ફી ભરપાઈ કર્યેથી માહિતી આપવાની તૈયારી પણ દર્શાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૦–૫–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ અને ૪ તથા આંશિક મુદ્દા નં.૫ બાબતે જાહેર માહિતી અધિકારીએ જણાવ્યાનુસારની ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા અરજદાર સ્વતંત્ર છે. જાહેર માહિતી અધિકારી પક્ષે માહિતીના ઈન્કારના પ્રથમદર્શી કોઈ કેસ બનતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/ — ડે.કમિશ્નર (જનરલ)
તારીખ : –૭–૧૦ — અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી દિલીપસિંહ જી. ઝાલા